**વનિતા વિશ્રામ સંચાલિત**
**શેઠ પી.ટી.મહિલા કોલેજ ઓફ આર્ટસ એન્ડ હોમ સાયન્સ,**
**વનિતા વિશ્રામ, અઠવાગેટ, સુરત. ૩૯૫૦૦૧.**
**વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન**

## જુનિયર કલાર્ક/ સિનીયર કલાર્ક/ હેડ કલાર્ક/લેબ આસિસ્ટન્ટની ભરતી માટેની અગત્યની સૂચનાઓ

**૧) નોંધ:**

1) અનામત વર્ગના ઉમેદવારો બિન-અનામત જગ્યા માટે અરજી કરી શકશે અને તેઓને બિન-અનામત ધોરણો લાગુ પડશે.

2) ઉમેદવાર સામાન્ય વહીવટ વિભાગના તા.૧૫/૦૨/૨૦૦૧ ના ઠરાવ ક્રમાંક : સીઆરઆર/ ૧૦૨૦૦૦/ જીઓઆર/ગ-૨ ના ઠરાવ ની જોગવાઈ મુજબ દિવ્યાંગતાની ૪૦% કે તેથી વધુ દિવ્યાંગતાની ટકાવારી ધરાવતા હોવાનું સિવિલ સર્જનનું સર્ટીફીકેટ ધરાવતા હશે. તો જ દિવ્યાંગ ઉમેદવાર તરીકે ઉપલી વયમર્યાદા અને અનામત નો લાભ મળશે. શારીરિક અશક્તતા અંગે સામાન્ય વહીવટ વિભાગના તા.૧-૧૨-૨૦૦૮ ના પરિપત્ર ક્રમાંક:પરચ-૧૦૨૦૦૮-૪૬૯૫૪૦-ગ-૨ અને ત્યારબાદ સરકારશ્રીના વખતો વખતના સુધારા પરિપત્રથી નિયત થયેલા નમુનામાં સરકારી હોસ્પિટલના સુપ્રિન્ટેન્ડન્ટ/સિવિલ સર્જન / મેડીકલ બોર્ડ દ્વારા આપવામાં આવેલ પ્રમાણપત્ર માન્ય ગણવામાં આવશે. તબીબી પ્રમાણપત્રને આધિન રહીને ઉપલી વયમર્યાદામાં ૧૦ વર્ષની છૂટછાટ મળશે (મહત્તમ ૪૫ વર્ષની મર્યાદામાં)

3) માજી સૈનિક ઉમેદવારો કે જેઓએ જલ, વાયુ અને ભૂમિ (સ્થળ)ની આર્મી ફોર્સીસમાં ઓછામાંઓછા છ માસની સેવા કરી હોય અને માજી સૈનિક તરીકેનું સક્ષમ અધિકારીનું ઓળખકાર્ડ અને ડિસ્ચાર્જબુક ધરાવતા હોય તો ઉપલી વયમર્યાદામાં તેઓએ બજાવેલ ફરજનો સમયગાળો ઉપરાંત ત્રણ વર્ષ સુધીની છુટાછાટ મળશે.

**(૨) રાષ્ટ્રીયતાઃ**

ઉમેદવાર ભારતનો નાગરિક હોવો જોઈએ અથવા ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો,૧૯૬૭ના નિયમ-૭ ની જોગવાઈ મુજબની રાષ્ટ્રીયતા ધરાવતો હોવો જોઈએ.

**(3) (૧) વય મર્યાદા:-**

૧) સિનીયર ક્લાર્ક વર્ગ-૩ સંવર્ગની જગ્યા માટે જાહેરાતમાં અરજી સ્વીકારવાની અંતિમ તારીખ નાં રોજ ઉમેદવારની ઉંમર ૩૫ વર્ષથી વધુ નહિ તેટલી હોવી જોઈએ.

૨) જુનિયર કલાર્ક/ સિનીયર કલાર્ક/ હેડ કલાર્ક/લેબ આસિસ્ટન્ટની વર્ગ-૩ની ઉંમર જાહેરાતમાં દર્શાવેલ અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ગણવામાં આવશે.

૩) અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ઉમેદવારની ઉંમર ૨૦ વર્ષથી ઓછી નહીં અને ૩૫ વર્ષથી વધુ ન હોવી જોઈએ અને ગુજરાત સરકારની સેવામાં હોય તેવી વ્યક્તિઓની તરફેણમાં ઉપલી વયમર્યાદા વખતો વખત સુધાર્યા પ્રમાણેના ગુજરાત મુલ્કીસેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો-૧૯૬૭ની જોગવાઈ અનુસાર રહેશે.

૪) કારકુન સંવર્ગની જગ્યા ઓમાં S.E.B.C. કેટેગરી(સા.શૈ.પ. વર્ગ) ના ઉમેદવારો માટે જગ્યાઓ અનામત તેવા S.E.B.C. કેટેગરી(સા.શૈ.પ.વર્ગ ના ઉમેદવારોએ રાજય સરકારની નોકરી માટે કઢાવેલ નોન-ક્રીમીલેયર સર્ટિફીકેટ જાહેરાતમાં દર્શાવેલ અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ સુધીમાં મેળવેલ હોય તેવું પ્રમાણપત્ર ધરાવતાં હશે તો જ ઉપલી વયમર્યાદામાં છૂટછાટ તેમજ કેટેગરીની અનામત જગ્યાનો લાભ મળશે. અન્યથા તેઓ સામાન્ય કેટેગરીના ઉમેદવાર તરીકે ઉમેદવારી નોંધાવી શકશે. અને તે કિસ્સામાં વયમર્યાદા, પરીક્ષા ફી માંથી મુક્તિ તેમજ અનામત જગ્યા પર પસંદગીનો લાભ મળવાપાત્ર થશે નહીં. અનામત વર્ગના તમામ ઉમેદવારોએ જાતિ અંગેનું પ્રમાણપત્ર ગુજરાત સરકાર દ્વારા વખતો વખત નિયત કરેલ નમૂનામાં મેળવેલ હોવું જોઇશે.

**(૩) (૨) વયમર્યાદામાં છૂટછાટ:-**

સામાન્ય વર્ગની મહિલા ઉમેદવારો, અનામત વર્ગના પુરૂષ તથા મહિલા ઉમેદવારો તેમજ માજી સૈનિક, દિવ્યાંગ ઉમેદવારોને નીચે મુજબ નિયમોનુસાર છૂટછાટ મળવાપાત્ર છે.
અનામત વર્ગના ઉમેદવારોનો બિન અનામત જગ્યા માટે અરજી કરશે તો આવા ઉમેદવારોને વયમર્યાદામાં છૂટછાટ મળશે નહી.

**<u>જુનિયર કલાર્ક/સિનીયર કલાર્ક/હેડ કલાર્ક/લેબ આસિસ્ટન્ટ વર્ગ –૩ ની ઉંમર જાહેરાત માટેની વય મર્યાદા</u>**

| **કેટેગરી** | **છૂટછાટ** | **મહત્તમ વયમર્યાદા** |
|---|---|---|
| સામાન્ય કેટેગરીના મહિલા ઉમેદવારોને | ૫ વર્ષ | - |
| અનામત કેટેગરીના પુરૂષ ઉમેદવારોને | ૫ વર્ષ | - |
| અનામત કેટેગરીના મહિલા ઉમેદવારોને (૫+૫=૧૦) | ૧૦ વર્ષ | મહત્તમ વયમર્યાદા ૪૫ વર્ષ |
| સામાન્ય કેટેગરીના શારીરિક અશકતતા ધરાવતા ૧૦ વર્ષ | ૧૦ વર્ષ | મહત્તમ વયમર્યાદા ૪૫ વર્ષ પુરૂષ ઉમેદવારોને |
| સામાન્ય કેટેગરીના શારીરિક અશકતતા ધરાવતા મતિયા ઉમેદવારોને (૧૦+૫=૧૫) | ૧૫ વર્ષ | મહત્તમ વયમર્યાદા ૪૫ વર્ષ |
| અનામત કેટેગરીના શારીરિક અશક્તતા ધરાવતા મહિલા ઉમેદવારો (૫+૧૦+૫=૨૦) | ૨૦ વર્ષ | મહત્તમ વયમર્યાદા ૪૫ વર્ષ |
| માજી સૈનિક ઉમેદવારોને | - | ઉપલી વયમર્યાદામાં તેઓએ બજાવેલ ફરજના સમયગાળો ઉપરાંત ત્રણ વર્ષ સુધીની છૂટછાટ મળશે. |

**(૪) કોમ્પ્યુટની જાણકારી:-**

ઉમેદવાર રાજય સરકારના સામાન્ય વહીવટ વિભાગના તા.૧૩/૮/૨૦૦૮ તેમજ તા.૧૮/૦૩/૨૦૧૬ના સરકારી ઠરાવ નંબર:- સીઆરઆર-૧૦-૨૦૦૭-૧૨૦૩૨૦-ગુપ થી નક્કી કરેલ અભ્યાસક્રમ મુજબ કોમ્પ્યુટર અંગેનું બેઝીક નોલેજ ધરાવતા હોવા અંગેનું કોઈપણ તાલીમી સંસ્થાના પ્રમાણપત્ર/માર્કશીટ ધરાવતા હોવા જોઈએ. અથવા સરકાર માન્ય યુનિવર્સિટી અથવા સંસ્થામાં કોમ્પ્યુટરજ્ઞાન અંગેના કોઈ પણ ડિપ્લોમાં / ડીગ્રી કે સર્ટીફિકેટ કોર્ષ કરેલ હોય તેવા પ્રમાણપત્રો અથવા ડીગ્રી કે ડીપ્લોમાં અભ્યાસક્રમમાં કોમ્પ્યુટર એક વિષય તરીકે હોય તેવા પ્રમાણપત્રો અથવા ધોરણ-૧૦ અથવા ધોરણ-૧૨ની પરીક્ષા કોમ્પ્યુટરના વિષય સાથે પાસ કરેલ હોય તેવા પ્રમાણપત્રો ધરાવતા હોવા જોઇશે. તેમજ આ તબકકે આવું પ્રમાણપત્ર ન ધરાવતા ઉમેદવારો પણ અરજી કરી શકશે. પરંતુ આવા ઉમેદવારોએ નિમણૂંક સત્તાધિકારી સમક્ષ કોમ્પ્યુટરની બેઝીક નોલેજની પરીક્ષા પાસ કર્યાનું આવું પ્રમાણપત્ર નિમણૂંક મેળવતાં પહેલાં અચૂક રજૂ કરવાનું રહેશે અન્યથા નિમણૂંક મેળવવાને પાત્ર થશે નહીં. તેમજ નિમણૂંક સત્તાધિકારી આવા કિસ્સામાં ઉમેવારની પસંદગી "રદ" કરશે.

**(૫) શૈક્ષણિક લાયકાત:-**

1) ઉમેદવાર ભારતમાં કેન્દ્રીય અથવા રાજય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકી કોઈપણ માંથી અથવા તે તરીકે માન્ય થયેલી અન્ય કોઈ પણ શૈક્ષણિક સંસ્થામાંથી અથવા યુનિવર્સિટી ગ્રાંટ કમિશન અધિનિયમ-૧૯૫૬ની કલમ -3 હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી બીજી કોઈ પણ શૈક્ષણિક સંસ્થામાંથી મેળવેલ સ્નાતકની પદવી ધરાવતો હોવો જોઈએ અથવા સરકારે માન્ય કરેલ તેની સમકક્ષ લાયકાત ધરાવતો હોવો જોઈએ.

2) ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો –૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણેની કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઈએ.

3) ઉમેવાર ગુજરાતી અથવા હિન્દી અથવા બંને ભાષાનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઈએ.

**(૬) પરીક્ષા પદ્ધતિ:-**

1) સંચાલક મંડળ દ્વારા નિયત સમય મર્યાદામાં રજી.એ.ડી.થી મળેલ અરજીઓની પ્રાથમિક ચકાસણી કરીને લાયક ઉમેદવારોની રાજય સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના (૧) તા. ૧૮/૦૫/૨૦૨૩ ના જાહેરનામા ક્રમાંક: GS/૨૦૨૩/૧૫/૦૧૫/K તેમજ –

2) તા.૨૮/૧૨/૨૦૨૩ના જાહેરનામાં ક્રમાંક:GS/૨૦૨૩/૩૧/૦૧૨૫/K થી મંજૂર કરવામાં આવેલ પરીક્ષા પદ્ધતિના નિયમો અનુસાર સંવર્ગ-3, ગ્રુપ-એ' તથા ગ્રૂપ-બી"ની સંયુક્ત સ્પર્ધાત્મક પરીક્ષા બે તબકકામાં લેવામાં આવશે.

### (૭) તબકકો-૧ પ્રાથમિક પરીક્ષા (ગ્રુપ-એ' તથા ગ્રુપ-બી સંયુકત પરીક્ષા)

| | | |
|---|---|---|
| 1 | Reasoning | 40 Marks |
| 2 | Quantitive Aptitude | 30 Marks |
| 3 | English | 15 Marks |
| 4 | Gujarati | 15 Marks |
| | Total | 100 Marks |

- મુખ્ય પરીક્ષા માટેના ઉમેદવારોને પસંદ કરવા પ્રથમ તબકકા માટે પ્રાથમિક પરીક્ષા MCQ પ્રકારના પ્રશ્નો ધરાવતી પદ્ધતિથી સ્પર્ધાત્મક પરીક્ષા લેવામાં આવશે.
- પ્રાથમિક પરીક્ષા ૧૦૦ પ્રશ્નોના પ્રશ્નદીઠ ૧ ગુણ લેખે કુલ ૧૦૦ ગુણની રહેશે. પરીક્ષાનો સમય ૬૦ મિનિટનો રહેશે.
- પ્રશ્નના પ્રત્યેક ખોટા જવાબદીઠ ૦.૨૫ ગુણ નેગેટીવ માર્કીંગ રહેશે.
- દિવ્યાંગ ઉમેદવારના કિસ્સામાં પ્રત્યેક કલાક દીઠ વધારાની ૨૦ મિનિટ લેખે વધારાનો સમય ફાળવવામાં આવશે.
- પ્રાથમિક કસોટી ફક્ત સ્ક્રીનીંગ ટેસ્ટ માટે છે. પ્રાથમિક કસોટીમાં ઉમેદવારે મેળવેલ ગુણને આખરી પસંદગી યાદી માટે ધ્યાને લેવામાં આવશે નહી.
- પ્રાથમિક પરીક્ષાના અંતે મુખ્ય પરીક્ષા માટે લાયક ઠરેલ ઉમેદવારોની યાદી તૈયાર કરવામાં આવશે અને મેરીટના આધારે સાત ગણા ઉમેદવારોને બીજા તબકકાની મુખ્ય પરીક્ષા માટે લાયક ગણવામાં આવશે.
- મુખ્ય પરીક્ષા માટે લાયક ઠરેલ ઉમેદવારો આ જાહેરાત અન્વયેની શૈક્ષણિક લાયકાત, વય મર્યાદા તેમજ અન્ય જરૂરી લાયકાત સંતોષે છે તેમ માનીને મુખ્ય પરીક્ષા માટે શરતી પ્રવેશ આપવામાં આવશે.

### (૮) તબકકો-૨ મુખ્ય પરીક્ષા:-

પ્રથમ તબકકાની પરીક્ષા બાદ સામાન્ય વહીવટી વિભાગના તા.૧૮/૦૫/૨૦૨૩ના જાહેરનામા મુજબ ગ્રુપ-A માટે વર્ણાત્મક જયારે ગ્રુપ-B માટે MCQ પ્રકારના પ્રશ્નો ધરાવતી પદ્ધતિથી સ્પર્ધાત્મક પરીક્ષા લેવામાં આવશે. મુખ્ય પરીક્ષા અંગેની વિગતો આ સાથે સામેલ Appendix-G મુજબ તથા પરીક્ષાનો અભ્યાસક્રમ Appendix - H મુજબ રહેશે.

### (૯) લઘુત્તમ લાયકી ધોરણ:-

પ્રાથમિક પરીક્ષા તથા મુખ્ય પરીક્ષા માટે ઉમેદવારે આપેલ પરીક્ષામાં મેળવેલ ગુણનું ન્યુનત્તમ ગુણવત્તા ધોરણ ૪૦ ટકા રાખવામાં આવેલ છે. ઉમેદવારે પ્રત્યેક તબકકાની પરીક્ષામાં લઘુત્તમ લાયકી ગુણવત્તાનું ધોરણ ૪૦ ટકા માર્કસ નિયત કરવામાં આવેલ છે. તેમાં કોઈ પણ કેટેગરીના ઉમેદવારો માટે ૪૦ ટકા માર્કસ કરતાં ઓછું ન્યુનત્તમ ગુણવત્તા ધોરણ (Qualifying Standard) કોઈપણ સંજોગોમાં નક્કી કરી શકાશે નહી.

## Appendix – G

**(૧૦) Subject of Main Examination for the Post of (Head Clerk / Senior)**

**Group-A: Following Papers**

| Paper No. | Subject | Marks | Duration |
|---|---|---|---|
| I | Gujarati Language Skill | 100 | 3 Hours |
| II | English Language Skill | 100 | 3 Hours |
| III | General Studies (Medium Gujarati) | 150 | 3 Hours |
| | **TOTAL** | **350** | |

**(૧૧) Syllabus for the Main Examination 200 Marks Time: 120 Minutes**

**Minutes Group-B: (Junior Clerk)**

| | | |
|---|---|---|
| 1 | English | 20 Marks |
| 2 | Gujarati | 20 Marks |
| 3 | Polity/Public Administration/RTI/CPS/PCA | 30 Marks |
| 4 | History, Geography, Culture Heritage | 30 Marks |
| 5 | Economics, Environment, Science and Tech. | 30 Marks |
| 6 | Current affairs and with reasoning | 30 Marks |
| 7 | Reasoning | 40 Marks |
| | **Total** | **200 Marks** |

**(૧૨) પગાર ધોરણ:-**

નાણાં વિભાગ નાતા:૧૬/૦૨/૨૦૧૬ના તથા તા. ૨૯/૦૪/૨૦૧૦ અને તા.૦૬/૧૦/૨૦૧૧, તા.૨૦/૧૦/૨૦૧૪ના ઠરાવ ક્રમાંક: ખરચ-૨૦૦૨-૫૭-ઝ-૧ તેમજ તા.૨૦/૧૦/૨૦૧૫ ના ઠરાવ ક્રમાંક: ખરચ-૨૦૦૨-૫૭-(પાર્ટ-૨)-ઝ-૧ તથા છેલ્લી નાણાં વિભાગના તા.૧૮/૧૦/૨૦૨૭ ના ઠરાવ ક્રમાંક: ખચર-૨૦૦૨-૫૭-(પાર્ટ-૪)-ઝ- ૧ અન્વયે પ્રથમ પાંચ વર્ષ માટે પ્રતિ માસ માટે નીચે મુજબના નિયત ફિકસ પગારથી નિમણૂંક અપાશે. તેમજ ઉકત ઠરાવના અન્ય લાભો મળવાપાત્ર થશે. તદ્ઉપરાંત સામાન્ય વહીવટ વિભાગના તા.૨૩/૧૦/૨૦૧૫ ના ઠરાવ ક્રમાંક: સીઆરઆર-૧૧-૨૦૧૫-૩૧૨૯૧૧-ગ.૫ અને નાણાં વિભાગના તા.૨૮/03/૨૦૧૬ ના ઠરાવ ક્રમાંક: ખર્ચ/૨૦૦૨-૫૭(પાર્ટ-3)/ઝ-૧, તા.૧૮/૦૧/૨૦૧૭ તથા તા.૧૮/૧૦/૨૦૨૩ માં દર્શાવેલ બોલીઓ અને શરતોને આધિન નિમાયેલ ઉમેદવાર પાંચ વર્ષના અંતે તેની સેવાઓ સંતોષકારક જણાયેલી સંબંધિત કચેરીમાં જે તે સમયના સરકારશ્રીના નિયમોનુસાર મળવાપાત્ર પગાર ધોરણમાં નિયમિત નિમણૂંક મેળવવાને પાત્ર થશે.

| ક્રમ | સંવર્ગ | પ્રથમ પાંચ વર્ષ સુધી મળનાર ફિક્સ પગાર |
|---|---|---|
| ૧ | હેડ ક્લાર્ક | ૪૦,૮૦૦/- |
| ૨ | સિનીયર ક્લાર્ક | ૨૬,૦૦૦/- |
| 3 | જુનિયર ક્લાર્ક | ૨૬,૦૦૦/- |
| ૪ | લેબ આસિસ્ટન્ટ | ૨૬,૦૦૦/- |

**(૧૩) પસંદગી યાદી તૈયાર કરવાની પદ્ધતિ:-**

1) ઉમેદવારોએ પ્રથમ તબક્કાની પરીક્ષામાં મેળવેલ ગુણના આધારે ગ્રુપ-A અને ગ્રુપ-B માટેની મુખ્ય પરીક્ષા માટેના લાયક ઉમેદવારોની અલગ-અલગ યાદી તૈયાર કરી કોલેજની વેબસાઈટ પર પ્રસિદ્ધ કરવામાં આવશે. ભરવાની થતી જગ્યાના સાત ગણા ઉમેદવારોને મુખ્ય પરીક્ષા માટે લાયક ઠરાવવામાં આવશે.

2) સંચાલક મંડળ દ્વારા બીજા તબક્કાની મુખ્ય પરીક્ષાના અંતે મેળવેલ ગુણ, લઘુત્તમ લાયકી ગુણનું ધોરણ તેમજ ભરવાની થતી જગ્યાના આધારે ગ્રુપ-A (હેડ ક્લાર્ક) અને ગ્રુપ-B (જુનિયર ક્લાર્ક) માટે અલગ- અલગ આખરી પસંદગી યાદી તૈયાર કરી કોલેજની વેબસાઈટ પર પ્રસિદ્ધ કરવામાં આવશે.

**(૧૪) સામાન્ય સૂચનાઓ:-**

૧) ઉમેદવારે અરજી પત્રકમાં ભરેલ વિગતો સમગ્ર ભરતી પ્રક્રિયા માટે આખરી ગણવામાં આવશે અને તેના પુરાવા પ્રમાણપત્રોની ચકાસણી સમયે અસલમાં રજૂ કરવાના રહેશે. અન્યથા અરજી પત્રક જે તે તબકકે "રદ" ગણવામાં આવશે.

૨) ઉમેદવાર અરજી પત્રકમાં જે ફોટો અપલોડ કરે છે તેની પાસપોર્ટ સાઈઝના ફોટાની એક કરતાં વધુ કોપીઓ પોતાની પાસે રાખવી અને આ જાહેરાત સંવર્ગની સમગ્ર ભરતી પ્રક્રિયામાં તે જ ફોટાની કોપીનો ઉપયોગ કરવાનો રહેશે. (જેમ કે પરીક્ષા સમયે હાજરી પત્રકમાં લગાવવો તેમજ અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે પણ તે જ ફોટાની કોપી રજૂ કરવાની રહેશે.)

3) ઉમેદવાર અરજી પત્રક ભરતી વખતે જે મોબાઈલ નંબર દર્શાવે છે તે નંબર ચાલુ રાખવો. અરજી પત્રકમાં દર્શાવેલ મોબાઈલ નંબર ભરતી પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી જાળવી રાખવો આપના હિતમાં છે ભરતી સંબંધેની તમામ સૂચનાઓ કોલેજની વેબસાઈટ https://sptmc.in/ ઉપર મુકવામાં આવશે. જરૂરત ઉપસ્થિત થયે પરીક્ષા સંદર્ભેની જરૂરી સૂચનાઓ ઉમદવારને મોબાઈલ નંબર પર એસ.એમ.એસ. થી આપવામાં આવશે.

૪) ઉમેદવારે અરજી પત્રકમાં બતાવેલી કોઈ પણ વિગત અને અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે રજૂ કરેલ જન્મ તારીખ, શૈક્ષણિક લાયકાત, વય, જાતિ, અનુભવ વગેરેને લગતાં પ્રમાણપત્રો ભવિષ્યમાં જે તે તબકકે ચકાસણી દરમ્યાન ખોટા માલુમ પડશે તો તેની સામે યોગ્ય કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. આવા ઉમેદવારની ઉમેદવારી સંચાલક મંડળ "રદ કરી શકરો તેમજ અન્ય સંવર્ગોની ભરતી માટે પણ ગેરલાયક ઠરાવવામાં આવશે. તેમજ જો પસંદગી/નિમણૂંક થયેલ હશે તો પસંદગી/નિમણૂંક, સંચાલક મંડળ/નિમણૂંક કરનાર સત્તાધિકારી દ્વારા કોઈ પણ તબકકે "રદ" કરવામાં આવશે.

૫) સંચાલક મંડળ દ્વારા લેવાનાર સ્પર્ધાત્મક પ્રાથમિક પરીક્ષા કે મુખ્ય પરીક્ષામાં ઉત્તીર્ણ થવાથી જ ઉમેદવારને નિમણૂંક માટેનો હકક મળી જતો નથી. નિમણૂંક સમયે સત્તાધિકારીને ઉમેદવાર બધી જ રીતે

યોગ્ય છે તેમ સંતોષ થાય અને ત્યારબાદ સરકારશ્રીની પૂર્વ મંજુરી મળ્યા બાદ જ ઉમેદવારને નિમણુંક આપવામાં આવશે.

૬) પસંદગી પામેલ ઉમેદવાર નિમણૂંક સત્તાધિકારી ઠરાવે તે શરતોને આધિન નિમણૂંક મેળવવાને પાત્ર થશે.

૭) ઉમેદવાર પોતે પરીક્ષામાં સફળ થયો હોવાના કારણોસર સંબંધિત જગ્યા ઉપર નિમણુંક કરવાનો દાવો કરવાને હકકદાર થશે નહીં. નિમણૂંક કરનાર સત્તાધિકારીને પોતાને એવી ખાત્રી થાય કે જાહેર સેવા સારૂ ઉમેદવાર યોગ્ય જણાતો નથી તો તેને પડતો મુકી શકશે. નિમણુંક બાબતે તેઓનો નિર્ણય આખરી ગણાશે.

૮) ભરતી પ્રક્રિયા સંપૂર્ણપણે ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો-૧૯૬૭ (વખતો વખતના સુધારા સહિત) અને તે અન્વયે જે તે સંવર્ગના ઘડવામાં આવેલ ભરતીના નિયમોને આધિન રહેશે.

૯) મંડળ જે કોઈ ઉમેદવારને (૧) તેને ઉમેદવારી માટે કોઈપણ પ્રકારે ટેકો મેળવવા માટે એટલે કે, મંડળના અધ્યક્ષ, સભ્ય અથવા કોઈ અધિકારી પર પ્રત્યક્ષ કે પરોક્ષ લાગવગ લગાડવાનો પ્રયાસ કરવા માટે (૨) બીજાનું નામ ધારણ કરવા માટે (૩) બીજા પાસે પોતાનું નામ ધારણ કરાવવા માટે બનાવટી ખોટા દસ્તાવેજો અથવા જેની સાથે ચેડા કરવામાં આવ્યા હોય તેવા દસ્તાવેજો સાદર કરવા અથવા ગેરરીતિ આચરવા માટે (૫) યથાર્થ અથવા ખોટા અથવા મહત્વની માહિતી છુપાવતા હોય તેવા નિવેદનો કરવા માટે (૬) પરીક્ષા માટે તેની ઉમેદવારીના સંબંધમાં અન્ય કોઈ અનિયમિત અથવા અયોગ્ય સાધનોનો આશ્રય લેવા માટે (૭) પરીક્ષા દરમ્યાન ગેરવ્યાજબી સાધનોનો ઉપયોગ કરવા માટે એટલે કે અન્ય ઉમેદવારની ઉત્તરવહીમાંથી નકલ કરવા, પુસ્તક, ગાઈડ, કાપલી કે તેવા કોઈપણ છાપેલા કે, હસ્તલિખિત સાહિત્યની મદદથી, મોબાઇલ, અથવા અન્ય ઇલેકટ્રોનિક ઉપકરણો સાથે રાખવા કે, તેનો ઉપયોગ કરવો અથવા વાતચીત ધ્વારા નકલ કરવા કે ઉમેદવારને નકલ કરાવવાની ગેરરીતિઓ પૈકી કોઈપણ ગેરરીતિ આચરવા માટે (૮) લખાણોમાં અશ્લિલ ભાષા અથવા બિભત્સ બાબત સહિતની અપ્રસ્તુત બાબત લખવા માટે (૯) પરીક્ષાખંડમાં અન્ય કોઈ રીતે ગેરવર્તણૂંક કરવા માટે (૧૦) પરીક્ષાના સંચાલન કરવા માટે મંડળે રોકેલા સ્ટાફની સીધી કે આડકતરી રીતે હેરાન કરવા અથવા શારીરિક રીતે ઈજા કરવા માટે (૧૧) પૂર્વવર્તી ક્રમ-૧ થી ૧૦ ખંડોમાં નિર્દિષ્ટ કરેલ તમામ અથવા કોઈપણ કૃત્ય કરવાનો પ્રયત્ન કરવા માટે અથવા યથા પ્રસંગ મદદગીરી કરવા માટે અથવા (૧૨) પરીક્ષા આપવા માટે તેને પરવાનગી આપતા તેના પ્રવેશપત્રમાં આપવામાં આવેલી કોઈપણ સુચનાનો ભંગ કરવા માટે દોષિત ઠર્યા હોય તો અથવા દોષિત હોવાનું જાહેર કર્યું હોય તો તે ફોજદારી કાર્યવાહીને પાત્ર થવા ઉપરાંત-(ક) મંડળ, જે પરીક્ષાનો ઉમેદવાર હોય તે પરીક્ષામાંથી ગેરલાયક ઠરાવી શકશે, અથવા (ખ)(૧) મંડળ, સીધી પસંદગી માટે લેવાતી કોઈપણ પરીક્ષામાં બેસવામાંથી અથવા (૨) રાજય સરકાર પોતાના હેઠળની કોઈપણ નોકરીમાંથી કાયમી રીતે અથવા નિર્દિષ્ટ મુદત માટે બાકાત કરી શકશે. (૧૩) ગુજરાત જાહેર સેવા આયોગ, અન્ય ભરતી બોર્ડ, અન્ય સરકારી/અર્ધ સરકારી/સરકાર હસ્તકની સંસ્થાઓ દ્વારા ઉમેદવાર કયારેય પણ ગેરલાયક ઠરાવેલ હોય અને ગેરલાયક ઠરાવ્યાનો સમય ચાલુ હશે તો તેવા ઉમેદવારોની ઉમેદવારી જે તે તબક્કે આપોઆપ રદ થવાને પાત્ર બનશે.

૧૦) અરજીમાં દર્શાવેલી વિગતોને અનુરૂપ પ્રમાણપત્રો મંડળ માંગે ત્યારે ઉમેદવારે રજૂ કરવાના રહેશે. આથી, ઉમેદવારે પ્રથમ તેમની પાસેના પ્રમાણપત્રોને આધારે પોતાનું નામ પતિ/પિતાનું નામ, અટક, જન્મતારીખ, શૈક્ષણિક લાયકાત, જાતિ(કેટેગરી), જેન્ડર(મેલ/ફીમેલ), માજી સૈનિક, સ્પોર્ટસ, શા.ખો.ખાં, વિધવા વગેરે બાબતોની બારીક ચકાસણી કરી લઇને તેને અનુરૂપ વિગતો અરજીમાં દર્શાવવાની રહેશે. મંડળ દ્વારા ચકાસણી સારું પ્રમાણપત્રો માંગવામાં આવે ત્યારે અરજીપત્રકમાં દર્શાવેલ વિગતો અને ઉમેદવાર દ્વારા મંડળ

સમક્ષ રજૂ કરવામાં આવતાં પ્રમાણપત્રોમાં કોઇપણ જાતની વિસંગતતા માલૂમ પડશે તો, તેવી ઉમેદવારી મંડળ દ્વારા જે તે તબક્કેથી રદ કરવામાં આવશે. ખોટી કે અધૂરી વિગતોને કારણે ક્ષતિયુક્ત અરજી રદ કરવામાં આવે તો, તેમાં મંડળની કોઇ જવાબદારી રહેશે નહીં. આથી ઉમેદવારોને તેમની પાસેના પ્રમાણપત્રોને આધારે અને તેને અનુરૂપ વિગતો અરજી કરતી વખતે દર્શાવવાની ખાસ કાળજી રાખવા જણાવવામાં આવે છે.

## Appendix -H

### Main Exam Syllabus (Descriptive Test for Group-A)

Paper- 1 ગુજરાતી (મુખ્ય પરીક્ષા) (Descriptive)

ગુણ – ૧૦૦ માધ્યમ – ગુજરાતી સમય – ૩ કલાક

| અનુક્રમ | અભ્યાસક્રમ વિગત | ફાળવાયેલ ગુણ |
|---|---|---|
| ૧ | નિબંધ::ત્રણ પૈકી કોઇપણ એક (આશરે૨૫૦ થી ૩૦૦શબ્દોમાં) (વર્ણનાત્મક વિશ્લેષણાત્મક ચિંતનાત્મક/સાંપ્રત સમસ્યા પર આધારિત) | ૧૫ |
| ૨ | વિચારવિસ્તાર (બે પૈકી કોઇ પણ એક) કાવ્યપંક્તિઓ કે ગધસૂક્તિનો વિચારવિસ્તાર (આશરે ૧૦૦ શબ્દોમાં) | ૧૦ |
| ૩ | સંક્ષેપીકરણ : આપેલા ગધખંડમાંથી આશરે ૧/૩ ભાગમાં તમારા શબ્દોમાં સંક્ષેપ | ૧૦ |
| ૪ | ગધસમીક્ષા: આપેલા ગધખંડના આધારે પૂછેલા પ્રશ્નોના જવાબ લખો. | ૧૦ |
| ૫ | પ્રચાર માધ્યમો માટે નિવેદનો તૈયારકરવા (આશરે ૧૫૦ શબ્દોમાં) | ૧૦ |
| ૬ | પત્રલેખન (અભિનંદન શુભેચ્છા વિનંતી ફરિયાદ વગેરે) (આશરે ૧૦૦ શબ્દોમાં) | ૫ |
| ૭ | ચર્ચાપત્ર (આશરે ૨૦૦ શબ્દોમાં) (વર્તમાનપત્રમાં પ્રજાના પ્રશ્નો સાંપ્રત સમસ્યાઓ/વ્યક્તિગત અભિપ્રાય રજુ કરતુ ચર્ચાપત્ર) | ૧૦ |
| ૮ | અહેવાલલેખન (આશરે ૨૦૦ શબ્દોમાં) | ૧૦ |
| ૯ | ભાષાંતર: અંગ્રેજીમાંથી ગુજરાતીમાં અનુવાદ | ૧૦ |
| ૧૦ | ગુજરાતી વ્યાકરણ<br>સૂચવ્યા મુજબ જવાબ લખો. (આ પ્રશ્નોમાં આંતરિક વિકલ્પો રહેશે નહીં).<br>૧) રૂઢિપ્રયોગોના અર્થ અને તેનો વાક્યપ્રયોગ<br>૨) કહેવતોનો અર્થ<br>૩) સમાસનો વિગ્રહ કરી તેની ઓળખ<br>૪) છંદ ઓળખાવો<br>૧૦<br>૫) અલંકાર ઓળખાવો<br>૬) શબ્દસમૂહ માટે એક શબ્દ<br>૭) જોડણી શુધ્ધિ<br>૮) લેખન શુધ્ધિ ભાષા શુધ્ધિ<br>૯) સંધિ - જોડો કે છોડો<br>૧૦) વાક્ય રચનાના અંગો વાક્યના પ્રકાર વાક્ય પરિવર્તન | ૧૦ |
| | કુલ | ૧૦૦ |

(૧૧) આ જાહેરાત તથા ભરતી પ્રક્રિયામાં કોઈ પણ કારણોસર તેમાં ફેરફાર કરવાની કે રદ કરવાની આવશ્યકતા ઉભી થાય તો તેમ કરવાનો સંચાલક મંડળને સંપૂર્ણ હકક/અધિકાર રહેશે અને સંચાલક મંડળ આ માટે કારણો આપવા બંધાયેલ રહેશે નહી.

(૧૨) મંડળ ધ્વારા લેવાનાર સ્પર્ધાત્મક લેખિત કસોટી કે કોમ્પ્યુટર પ્રોફીસીયન્સી કસોટીમાં ઉત્તીર્ણ થવાથી જ ઉમેદવારને નિમણૂંક માટેનો હક્ક મળી જતો નથી. નિમણૂંક સમયે સત્તાધિકારીને ઉમેદવાર બધી જ રીતે યોગ્ય છે તેમ સંતોષ થાય તો જ ઉમેવારને નિમણૂંક આપવામાં આવશે.

(૧૩) પસંદગી પામેલ ઉમેદવારે નિમણૂંક સત્તાધિકારી ઠરાવે તે શરતોને આધિન નિમણૂંક મેળવવાને પાત્ર થશે.

(૧૪) ઉમેદવાર પોતે પરીક્ષામાં સફળ થયો હોવાના કારણે જ સંબંધિત જગ્યા ઉપર નિમણૂંક કરવાનો દાવો કરવાને હક્કદાર થશે નહીં, નિમણૂંક કરનાર સત્તાધિકારીને પોતાને એવી ખાતરી થાય કે જાહેર સેવા સારૂ ઉમેવાર યોગ્ય જણાતો નથી તો તેને પડતો મુકી શકાશે. નિમણૂંક બાબતે તેઓનો નિર્ણય આખરી ગણાશે.

૧૫) સમગ્ર ભરતી પ્રક્રીયા પૂર્ણ ન થાય ત્યાં સુધી કોઈ પણ પ્રકારની માહિતી માગતી આર.ટી.આઈ.એકટ હેઠળની કોઈ પણ અરજી ધ્યાને લેવામાં આવશે નહી.

૧૬) આ જાહેરાત અન્વયે અર્થઘટન બાબતે જે તે સંવર્ગના ભરતી નિયમો અને પરીક્ષા નિયમોની પ્રવર્તમાન જોગવાઈ આખરી રહેશે.

VANITA VISHRAM E/1176 SURAT * SURAT *

**Paper- II ENGLISH (MAIN EXAMINATION) (Descriptive)**

Marks-100 **Medium-English** Time- 3 Hours

| No. | Type of Question | Marks to be allotted |
|---|---|---|
| 1 | ESSAY (A minimum of 250 words and a maximum of 300 words): Choose any one topic from a list of five.<br>(Descriptive analytical/philosophical/based on Current Affairs) | 15 |
| 2 | LETTER WRITING (In about 150 words)<br>A formal letter expressing one's opinion about an issue. The Issues can deal with dally office matters/ a problem that has occurred in the office/ an opinion in response to one sought by a ranked officer/issues pertaining to recent concern, etc. | 10 |
| 3 | REPORT WRITING (in about 200 words)<br>A report on an official function/event/field trip/survey etc | 10 |
| 4 | WRITING ON VISUAL INFORMATION (In about150 words): A report on a 10 graph/Image/flow chart/table of comparison/simple statistical data etc. | 10 |
| 5 | FORMAL SPEECH (in about 150 words) A speech (In a formal style) that is to be read out in a formal function. This could be an Inauguration speech, an educational seminar/conference, a formal ceremony of Importance etc. | 5 |
| 6 | PRECIS WRITING<br>A precis in about 100 words for a 300-word passage. | 10 x 2 = 20 |
| 7 | READING COMPREHENSION: A-reading passage of about 250 words to be given followed by short-answer type questions | 10 |
| 8 | ENGLISH GRAMMAR<br>a. Tenses<br>b. Voice<br>c. Narration (Direct-Indirect)<br>d Transformation of sentences<br>e. Use of Articles and Determiners<br>f. Use of Prepositions<br>g. Use of Phrasal verbs<br>h. Use of Idiomatic expressions<br>1. Administrative Glossary<br>J. Synonyms/Antonyms<br>k. One-word substitution<br>l. Cohesive devices/Connectives/Linkers<br>m. Affixes<br>n. Words that cause confusion like homonyms/homophones. | 10 |
| 9 | TRANSLATION:<br>Translation of a Short Passage (of about 150 words) from Gujarati or English | 10 |
| | **Total** | **100** |

## Paper-III General Studies (Main Examination) (Descriptive)

### Marks-150 Medium-Gujarati Time-3 Hours

### (a) History of India

1. Indus Valley Civilization: Characteristics, Places, Society, Cultural History, Art and Religion Indus Valley Civilization and Gujarat Vedic Age-Jainism and Buddhism, Nanda Dynasty

2. Maurya and Gupt empires,

3. Vijayanagara Dynasty and Important dynasties of south India.

4. Important dynasties of Gujarat their administration, art, architecture, literature, science and Technologies

5. Educational Institutions: Takshshila, Nalanda and Valabhi.

6. Arrival of Europeans in India, establishment and expansion of British rule in India 1757 to 1856, land revenue system. Permanent conscription, ralyatwari and mahalwari. Education system

7. India's Freedom struggle of 1857: religious and social reform movements in India and Gujarat in the 19th century, factors responsible for the rise of nationalism in India, Indian National Congress

8, Rise of Mahatma Gandhi on the national scene and the Impact of his Ideas, principles and teachings on the political, social, economic, religious, and cultural life of India.

9. Role of Sardar Patel in Independence Movement and Post-Independence Integration.

10. Indian revolutionaries In India and abroad, Azad Indian Army and Subhas Chandra Bose.

11. Post-Independence India: Reorganization of country states, Mahagujarat movement, important events.

### (b) Cultural Heritage

1. Salient features of Indian culture and its art forms, literature, sculpture and architecture from ancient to archaic times; Salient features of Indian Society

2. Indian cinema and theatre and its impact on society.

3. Arts and Crafts of Gujarat

4. Guajarati theatre

5. Folk culture and Oral Tradition of Gujarat: Its Significance, Characteristics and Implications

6. Coastal culture and tribal culture of Gujarat

**(c) Geography**

1. Study of physical features and resources of Gujarat and India: major landforms, climate, soil, rocks, rivers, reservoirs, vegetation, minerals and water resources.

2. Economic History: Primary, Tertiary, Tertiary and Quaternary, 3.

Social and Demographic Geography.

4. Developmental and environmental issues, sustainable development, globalization; Its Social and Economic Impacts, Smart City and Solutions Natural disasters, carbon emissions, pollution disaster Management. Global Response to the problems of climate Change and Environmental Degradation: Key treaties and conventions.

**(d) Science and Technology**

1. Integrating science, technology and innovation for a better human life, Science and Technology in everyday life: India's contribution in the field of science and technology, challenges and obstacles in application and diffusion of science and technology, role and scope of science and technology in nation building

2. Information and Communication Technologies (ICT)-fis Importance, Benefits and Challenges, E Governance and policies regarding India, Cybercrime and Cyber Security

3. India's space programs-Past, Present and Future Energy Policy and Nuclear Policy of India Importance, benefits and challenges of technology in defence services

4. Achievements of Indians in the field of science and technology, matters related to Intellectual property rights in the field of science and technology

**(e) Events of Regional, National and International Importance**

**(f) Indian State System and Constitution**

1. Constitution of India and its salient features.

2. Functions and duties of Union and State Governments of India. 3. Issues and

challenges related to federal structure-Role of Governor in states

4. Division of Powers between central and State Governments (central List. State List, Concurrent List). Issues and challenges

5. Important constitutional amendments.

6. Constitutional Institutions and their Role

7. Parliament and State Legislatures Structure. Functioning Governance. Powers and Special Jurisdictions and Related Topics

8. Judiciary in India - Structure and Functioning, Important Provisions and Constitutional Amendments related to Emergency, Judicial Review Public Petitions.

**(g) Public Administration and Governance**

1. Meaning, Nature and Scope of Public Administration, evolution in India, legacy of British rule

2. Role of civil service in democracy.

3. Government policies and Interventions, implementation issues and problems with regard to the development of various sectors

4. Development Process Role of civil society, non-governmental organizations and other stakeholders, statutory, regulatory and various quasi-judicial bodies.

6. Good Governance and e-Governance-Transparency, accountability and sensitivity in governance - Bill of Rights, Right to Information, Public Service Act and its implications of this survey, social research and Its Importance

7. Rights related Issues (Human Rights, women's Rights, Rights of Scheduled castes and Scheduled Tribes, Rights of Children) etc.

8. Important international organizations, agencies, various, organizations and their structure

**(h) Discipline In Public Service**

1. Ethics and Human Interaction: Essence, Determinants and Implications/Impacts on Human Behaviour, Consequences: Dimensions of Ethics, Ethics in Personal and public Relations, Ethics In public Services, Truthfulness and Accountability-Right to Information Act, Public Services Act and its Implications.

2 Attitude: Basic elements, Functions; its effect on thoughts and behaviour/behaviour and relationship. Character and political attitudes; Social influence and the role of persuasion/promotion.

3. Emotional Intelligence: Concept. Its Usefulness and Applications in Management and Governance.

4. Human Values: The Role of Family, Society and Educational Issues in Educating Citizens about Values.

5. Ethics related Issues and challenges-Anti-corruption system, Lokpal, Lokayukta

6. Case study of matter related to the above order (1-5).

**(i) Indian Economy and Planning**

1. Indian Economy: Emergence and Development of Planning Practice in India, central and state Government's economic performance, dynamics, challenges, new Initiatives, reforms etc. Important events, developments and social sector Initiatives. Nit Aayog Objectives, Constitution and Functions Social Audit Agriculture, Industries, Infrastructure Sector and Service Sector.

2. Regulatory Framework for Finance and Banking Concepts, Structure and Role. Monetary policy and fiscal policy.

3. Indian Public Finance: Indian Tax System, public expenditure, Public Debt, deficit and aid in Indian Economy, central; and state Fiscal Relations.

Various Indicators of economy, Indian Important institutions Involved in public administration

The Economy of Gujarat- an Overview; Economy, economic and

Social Infrastructure development policies of Gujarat In

4. Rural Development and Rural Economy- Challenges and Policies; Employment policies/Schemes in India

5. External Sector: Trends, Structure and Direction of Foreign Trade. External field Improvements Foreign Institutional Investment (FII) and Foreign Direct Investment (FDI).

6. Comparison with India and other states, Co-operative movement in Gujarat and its impact on socio-economic aspects of life.

7. Infrastructure: Power, Ports, Roads, Airports, Railways, Telecommunications. Social Impact Assessment.

VANITA VISHRAM E/1176 SURAT * SURAT *

## લેબ આસિસ્ટન્ટ સંવર્ગ-૩ ભરતી અંગેની અગત્યની સુચનાઓ

| | |
|---|---|
| **લેબ આસિસ્ટન્ટ (ફૂડ સાયન્સ એન્ડ ન્યુટ્રીશન) વર્ગ-૩** | (ક) ૧૩/૧૧/૨૦૨૫ ના રોજ ઉમેદવારની ઉંમર ૨૦ વર્ષથી ઓછી નહિ અને ૩૫ વર્ષથી વધુ ન હોવી જોઇશે; અને ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ ની જોગવાઈઓ અનુસાર અગાઉથી ગુજરાત સરકારની સેવામાં હોય તેવા ઉમેદવારની તરફેણમાં ઉપલી વયમર્યાદા હળવી કરી શકાશે;<br>(ખ)(૧) ઉમેદવાર ભારતમાં કેન્દ્રીય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ, ૧૯૫૬ ની કલમ ૩ હેઠળ જાહેર થયા મુજબ યુનિવર્સિટી હોવાનું ગણાતી અથવા તે તરીકે માન્ય થયેલી બીજી કોઇપણ શૈક્ષણિક સંસ્થામાંથી મેળવેલ ફુડ એન્ડ ન્યુટ્રીશનમાં સ્નાતકની પદવી અથવા સરકારશ્રી દ્વારા માન્ય સમકક્ષ લાયકાત ધરાવતો હોવો જોઇશે;<br>(ગ) ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણેની કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઇશે.<br>(ઘ) ગુજરાતી અથવા હિન્દી અથવા બંને ભાષાનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઇશે. |

**<u>પરીક્ષા પદ્ધતિ :</u>**

રાજય સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના તા.૦૮/૧૧/૨૦૨૩ ના ઠરાવ ક્રમાંક: ભરત /૧૦૨૦૨૩/૬૩૮૯૩૭/ક થી સીધી ભરતીથી જગ્યાઓ ભરવા માટે ઠરાવેલ પરીક્ષા પદ્ધતિ અનુસાર પરીક્ષા એક તબક્કામાં MCQપધ્ધતિથી સ્પર્ધાત્મક લેખિત પરીક્ષા લેવામાં આવશે. આ જાહેરાત માટે રજીસ્ટર્ડ થયેલ ઉમેદવારોની સંખ્યાના આધારે એક સેશન અથવા મલ્ટી સેશનમાં લેવામાં આવશે. મલ્ટી સેશનમાં પરીક્ષા યોજવાના સંજોગોમાં યોગ્ય સ્કેલીંગ પદ્ધતિથી મુલ્યાંકન કરવામાં આવશે. પરીક્ષા: Part-Aઅને Part-Bએમ બે ભાગમાં લેવામાં આવશે (પ્રશ્નપત્રનું લેવલ શૈક્ષણિક લાયકાતને સમકક્ષ રહેશે).

### Part- A

| ક્રમ | વિષય | ગુણ |
|---|---|---|
| ૧ | તાર્કિક કસોટીઓ તથા Data Interpretation | ૩૦ |
| ૨ | ગાણિતીક કસોટીઓ | ૩૦ |
| | **કુલ ગુણ** | **૬૦** |

### Part- B

| ક્રમ | વિષય | ગુણ |
|---|---|---|
| ૧ | ભારતનું બંધારણ, વર્તમાન પ્રવાહો, ગુજરાતી અને અંગ્રેજી કોમ્પ્રીહેન્સન | ૩૦ |
| ૨ | સંબંધિત વિષય અને તેની ઉપયોગીતાને લગતા પ્રશ્નો | ૧૨૦ |
| | **કુલ ગુણ** | **૧૫૦** |

**નોંધઃ અભ્યાસક્રમની વિષયવસ્તુ નિયત કરેલ શૈક્ષણિક લાયકાત મુજબ રહેશે.**

**Part-A** માં કુલ ૬૦ પ્રશ્નો અને **Part-B** માં કુલ ૧૫૦ પ્રશ્નો એમ કુલ ૨૧૦ પ્રશ્નો પૂછવામાં આવશે. **Part-A** અને **Part-B** બંને માટે સંયુક્ત રીતે કુલ ૩ કલાક (૧૮૦ મિનિટ) નો સમય મળવાપાત્ર થશે.

**Part-A** અને **Part**-**B** નું સ્વતંત્ર (અલાયદું) **Qualifying Standard** રહેશે.

સ્પર્ધાત્મક પરીક્ષાના **Part-A** માટે ન્યુનતમ ગુણવત્તા ધોરણ ૪૦% અને Part-Bમાટે ન્યુનતમ ગુણવત્તા ધોરણ ૪૦% રાખવામાં આવેલ છે. તેમાં કોઈપણ કેટેગરીના ઉમેદવારો માટે ૪૦ ટકા માર્કસ કરતાં ઓછું ન્યુનતમ ગુણવત્તા ધોરણ **(Qualifying Standard)** કોઈપણ સંજોગોમાં નક્કી કરી શકાશે નહીં. પરીક્ષાના **Part-A** અને **Part-B** માં ન્યુનતમ ગુણવત્તા ધોરણ (Qualifying Standard)જાળવીને કુલ ગુણના આધારે કુલ જગ્યાના આશરે બે ગણા ઉમેદવારોને પ્રમાણપત્રોની ચકાસણી માટે મંડળ દ્વારા લાયક (કવોલીફાય) ગણવામાં આવશે.

જે તે સંવર્ગની જાહેરાત અન્વયે મંડળ ધ્વારા તે સંવર્ગની **MCQ** પધ્ધતિથી સ્પર્ધાત્મક લેખિત પરીક્ષા લેવામાં આવશે.

M.C.Q.પધ્દ્તિમાં ખોટા જવાબ આપવાના સંજોગોમાં પ્રશ્નને ફાળવેલ માર્કના 1/4 માર્ક ઓછા કરવામાં આવશે. એટલે કે નેગેટીવ માર્કીંગ પધ્દ્તિ અપનાવવામાં આવશે.

કોઇ કારણોસર પ્રશ્ન રદ કરવામાં આવે તો, તેવા સંજોગોમાં રદ થયેલ પ્રશ્નના ગુણની બાકી રહેલપ્રશ્નના ગુણભારમાં પ્રો-રેટા **(Pro-Rata)** મુજબ ગણતરી કરવામાં આવશે.

અશક્ત (દિવ્યાંગ) વર્ગના હોય તેવા ઉમેદવારોને, પ્રશ્નપત્રના દરેક કલાક દીઠ વીસ મીનીટનો લાગુ પડતો હોય તેટલો વધારાનો સમય આપી શકાશે.

VANITA VISHRAM
E/1176
SURAT
* SURAT *